ઉનાળામાં ભલે ગરમી લાગે અને આકરો તાપ સહન કરવો પડે પરંતુ ઉનાળુ ફળોનું આગમન કાળઝાળ ગરમીને સહનશીલ બનાવે છે. કેરી ઉપરાંત એવા ઘણા ઉનાળુ ફળો છે જેની મજા હાલની સિઝનમાં માણવા મળે છે. ઉનાળુ ફળોમાં રાયણનો સમાવેશ પણ થાય છે. તાસીરમાં ઠંડી એવી પીળી રાયણના અનેક ફાયદાઓ જોવા મળે છે. ઉનાળો તેની ચરમસીમાએ છે ત્યારે પીળી રાયણ ઠેર ઠેર જોવા મળી રહી છે. જુના સચિવાલયની પાછળ આવેલા મીના બજારમાં પીળી રાયણ અને કેસુડાના ફૂલો વેચતી નાનકડી દીકરી મોંઘવારીના સમયમાં પરિવારને મદદરૂપ બની રહી છે.

# ભરતીમેળાથી નારાજ 'મૂળ કાર્યકરો'ને સાચવવા ભાજપમાં ભારે મથામણ

## ભાજપના ભરતીમેળાના કારણે મૂળ અને પાયાના કાર્યકરો હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે : આયાતી કાર્યકરોની સરભરામાં મૂળ કાર્યકરો ભૂલાયા

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી વહેલી યોજાશે કે સમયસર યોજાશે એની ચર્ચાઓ ભલે પરાકાષ્ટાએ હોય પરંતુ રાજકારણના કડાકાને ભડાકા આગામી દિવસોમાં થવાના છે એના એંધાણ ચોક્કસ વર્તાઈ રહ્યા છે. ભાજપના રાષ્ટ્રીય પદાધિકારીઓ, મંત્રીઓ અને પ્રધાનમંત્રી જે રીતે ગુજરાત પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે એના પરથી ચોક્કસ લાગે છે કે ભાજપ કોઈ ચાન્સ લેવા માંગતુ નથી. ચૂંટણી હવે વહેલી નહી યોજાય અને સમયસર જ યોજાશે એવા તર્કો વધતા જાય છે. આમ છતાં ૧૫મીએ પ્રધાનમંત્રીના લોકાર્પણ કાર્યક્રમ બાદ સ્થિતિ સ્પષ્ટ બની જશે. હજુ 'જો અને તો' પર જ ચર્ચાઓ અને અફવાઓ ચાલે છે.

ચૂંટણી વહેલી થાય કે સમયસર થાય પણ ભાજપ જે રીતે મહેનત કરી રહ્યુ છે એના પરથી લાગે છે કે જનમત ધાર્યા જેટલો સત્તાપક્ષે નથી. મોંઘવારી, બેન્કનો વ્યાજદર, પેટ્રોલ-ડીઝલનો ભાવ, બેરોજગારી અને ભ્રષ્ટાચારના મુદ્દાઓ દિવસે ને દિવસે વિકરાળ બની રહ્યા છે અને એની જ ચિંતા ભાજપને સતાવે છે એ વાત કોઈ સ્વીકારે કે ન સ્વીકારે પણ વાસ્તવિકતા છે. ખાનગી એજન્સીઓના પ્રમાણિત સર્વેના અહેવાલો હજુ ભાજપ માટે કન્ફર્ટ ઝોનમાં નથી એટલે વિવિધ કાર્યક્રમો દ્વારા રાજકીય તૈયારીઓ થઈ રહી છે અને કોંગ્રેસ અને આપના કાર્યકરોને કેસરીયો પહેરાવવાની હારમાળા ચલાવાઈ છે. હજુ તો કોંગ્રેસના ચારેક ધારાસભ્યો જોડાઈ રહ્યા છે એવા

● અનુસંધાન પાન-૭ પર

## આમ આદમી પાર્ટીનો મુખ્યમંત્રીનો ચહેરો નરેશ પટેલ બનશે

### પાટીદાર નેતા નરેશ પટેલની સાથે અડધો ડઝન ધારાસભ્યો પણ આપમાં જોડાય તેવી શક્યતાઓ

ગાંધીનગર, તા. ૫

ચૂંટણીના દિવસો જેમ જેમ નજીક આવતા જાય છે તેમ તેમ રાજકીય ઉત્તેજના અને ઉત્સુકતા વધતી જાય છે. પાટીદાર નેતા અને ખોડલધામના ચેરમેન નરેશ પટેલ કયા પક્ષમાં જોડાશે એને લઈને છેલ્લા ત્રણ મહિનાથી ગુજરાતના અખબારોમાં સ્ટોરી ચલાવાય છે. નરેશ પટેલ પણ રાજકીય વ્યૂહરચનામાં માસ્ટર માઈન્ડ ગણાય કે જેમને તેમનો નિર્ણય અનામત રાખીને મીડિયામાં છવાયેલા રહ્યા છે. પરંતુ મળતી આધારભૂત માહિતી મુજબ હજુ એકાદ મહિનો આવી અનિર્ણાયકતા રહેશે અને ત્યારબાદ નરેશ પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાઈ જશે. તેમની સાથે અર્ધો ડઝનથી વધુ ધારાસભ્યો હોવાની વાત પણ જોરશોરથી ચાલી રહી છે. નરેશ પટેલ આપનો મુખ્યમંત્રીનો ચહેરો બનશે એ પણ નિશ્ચિત મનાય છે. તો બીજી તરફ હાર્દિક સાથે પણ ત્રણેક પટેલ ધારાસભ્યો કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાશે એવી પણ અટકળો છે.

# શહેરમાં કોરોનાના વધુ ૩ કેસ

### ઈન્ફોસીટીમાં બે અને એક કેસ આઈ.આઈ.ટી.માંથી મળ્યો : શહેરમાં મળી રહેલા કેસોને જોતાં લોકોમાં ચોથી લ્હેરની આશંકા છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના એક સાથે ૩ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ કોરોનાનો નોંધાયો નથી.

શહેરમાં ધીમી ગતિએ જે રીતે કેસો મળી રહ્યા છે તે ચોથી લ્હેરની આશંકા જન્માવે છે. જોકે તંત્રએ શહેરમાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કર્યો છે. કોવિડ-૧૯ને લઈ ટેસ્ટીંગ પણ ચાલુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં આવેલ નીફ્ટ સંસ્થા ખાતે આજે ૭૦ જેટલા વિદ્યાર્થીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને એક પણ પોઝીટીવ કેસ નહિ મળ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી કોરોનાનો કેસ નહિ નોંધાયો હોવાથી તંત્રએ રાહતની લાગણી જરૂર અનુભવી છે. શહેરમાં જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેને લઈ ચોથી લ્હેરની આશંકા જાગી છે. આજે શહેરમાં ઈન્ફોસીટી વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે જ્યારે એક કેસ આઈઆઈટી ગાંધીનગરમાંથી મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આઈઆઈટીનો વિદ્યાર્થી દિલ્હીથી અહિ આવ્યો છે. તાવ અને અન્ય લક્ષણો દેખાતા તેનો ટેસ્ટ કરાતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઈન્ફોસીટી વિસ્તારમાં બે દિકરીઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. તેઓ પોઝીટીવ દર્દીના સંપર્કમાં હોવાથી તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આજે નોંધાયેલા ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. હોમ આઈસોલેશનમાં રહી સારવાર લેતા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાહેર સ્થળોએ જળવાઈ રહે તે માટે સૂચનાઓ આપી છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા હવે બે આંકડામાં પહોંચી ચુકી છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૧૧ જેટલી થઈ છે. શહેરમાં નોંધાયેલા દર્દીઓમાં મોટા ભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં ત્રણ દર્દીઓ પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવવાથી નોંધાયા હોવાનું પણ જાણવા મળેલ છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૨૫ કેસ

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં કોરોનાના કેસોમાં ફરી એકવાર વધારો થઇ રહ્યો છે. નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરાયેલી ભીતિ કે જુન-જુલાઈમાં કોરોનાની વધારે એક લહેર આવી શકે છે સાચી ઠરશે કે શું તેવા સવાલો થઈ રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૨૫ કેસ નોંધાયા છે, જે કાલે ૧૮ હતા. તો બીજી તરફ ૧૪ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૩૬૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કોરસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં રસીના આજે કુલ ૪૨,૭૨૫ ડોઝ અપાયા હતા. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૨૧ કેસ એક્ટિવ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટિલેટર પર છે.

# ભારતમાલા પ્રોજેક્ટમાં જિલ્લાના ૪૬ ગામોની જમીન સંપાદન કરવામાં આવશે

### ખેડૂતો દ્વારા પ્રોજેક્ટના વિરોધમાં બેઠકોનો દોર : વળતર ૪૦ ટકા પણ થતુ નહિ હોવાની લાગણી સાથે વિરોધ ઉગ્ર બની રહ્યો છે

ગાંધીનગર, તા. ૫

ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાના ૪૬ ગામોમાં જમીન સંપાદન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

બીજી તરફ જિલ્લામાં ભારતમાલા પ્રોજેક્ટને લઈ અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા બેઠકોનો દોર કરી વિરોધ નોંધાવવાની વાત પણ આગળ વધી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત કલોલના ૧૧, માણસાના ૧૦, ગાંધીનગરના ૧૬ અને દહેગામના ૯ ગામના ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવનાર છે.

આ પ્રોજેક્ટને લઈ ભારત સરકારની નેશનલ હાઈવો ઓથોરીટીએ કલોલ પ્રાંત અધિકારી અને ગાંધીનગર પ્રાંત અધિકારીને જમીન સંપાદન અધિકારી તરીકે સત્તાઓ નિહિત કરી તેમને નિયુક્ત કરી દીધા છે.

મુંબઈથી દિલ્હીને જોડતા આ પ્રોજેક્ટમાં દિલ્હીથી સાંચોર, સાંચોરથી થરાદ, થરાદથી વડોદરાને જોડવામાં આવનાર છે. આ પ્રોજેક્ટને લઈ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવનાર છે.

જિલ્લામાં ભારતમાલા પ્રોજેક્ટનો વિરોધ નોંધાવવા માટે ખેડૂતોની બેઠકો ચારેય તાલુકામાં સંપન્ન થઈ ચુકી છે. આ બેઠકોમાં લડત સમિતિની રચના વિરોધ નોંધાવવા માટેની કાર્યવાહી કરવા માટે કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં જે રીતે ખેડૂતોનો વિરોધ ઉઠ્યો છે તેને લઈ હાલ આ પ્રોજેક્ટ સંદર્ભે તંત્રએ મૌન રહેવાનું પસંદ કર્યુ છે.

ખેડૂતોએ જંત્રીની વિસંગતતા સહિતના મુદ્દાઓને લઈ આ અંગેનો વિરોધ નોંધાવવાનો શરૂ કર્યો છે. જંત્રીના દર ૨૦૧૧માં નિયત થયા હતા અને હાલ ૨૦૨૨નું વર્ષ ચાલે છે એટલે ૧૧ વર્ષ પછી પણ જંત્રીના દરમાં સુધારો નહિ થયો હોવાને લઈ હાલ ઉગ્ર રજુઆતો કરવામાં આવી રહી છે. જે રીતે મોંઘવારી વધી છે તેને પણ ધ્યાનમાં લેવી જોઈએ તેવો સૂર ખેડૂત પરિવારોમાં ઉઠવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ અંગે જમીનમાં આવેલા વૃક્ષો માટે વન વિભાગ, જમીનમાં વાવણી કરાયેલ પાકની કિંમત માટે ખેતીવાડી અધિકારી, ખેતરમાં

● અનુસંધાન પાન-૭ પર

# માર્કશીટમાંની ભૂલ શિક્ષણ બોર્ડ દ્વારા સુધારી દેવાશે

### ધોરણ-૧૦-૧૨ની પરીક્ષાઓના પરીણામની તૈયારી : જો કોઈ વિદ્યાર્થીની માર્કશીટમાં ભૂલ જણાય તો ૯૦ દિવસમાં સ્કૂલ મારફતે બોર્ડમાં અરજી આપવાની રહેશે

ગાંધીનગર, તા.૫

ગઈ ૧૨ એપ્રિલના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. જે બાદ શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામો તૈયાર કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

આ કામગીરી દરમિયાન તૈયાર થયેલી વિદ્યાર્થીઓની માર્કશીટમાં ક્યારેક ભૂલ આવી જાય તો શિક્ષણ બોર્ડ દ્વારા સુધારી દેવામાં આવશે. વિદ્યાર્થીઓને અપાતી કમ્પ્યુટરાઈઝ્ડ માર્કશીટમાં વિદ્યાર્થીનાં નામ, અટક, બેઠક નંબર, જન્મ તારીખ વગેરે સહિતની ભૂલ શિક્ષણ વિભાગ સુધારશે. જો કોઈ વિદ્યાર્થીની માર્કશીટમાં આવા પ્રકારની કોણ પણ ભૂલ જણાય તો તેના માટે ૯૦ દિવસમાં સ્કૂલ મારફતે બોર્ડમાં અરજી આપવાની રહેશે.

ડેટા એન્ટ્રી દરમિયાન ઓપરેટર દ્વારા આવી કોઈ પણ ભૂલ થઈ હશે તો શિક્ષણ બોર્ડ દ્વારા કોઈ પણ જાતની ફી વસૂલ્યા વગર આ ભૂલ સુધારી આપવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ, ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. મે મહિનાના અંતમાં સૌથી પહેલાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ જાહેર કરવામાં આવશે. એની સાથે વિદ્યાર્થીઓના પેપરની ચકાસણી પણ પૂર્ણ થવાના આરે છે. આ કાર્યવાહી પૂરી થયા બાદ માર્કશીટ તૈયાર કરવામાં આવશે. જો કે, માર્કશીટ કમ્પ્યુટર પર તૈયાર થયા બાદ તેનું છાપકામ કરવામાં આવતું હોય છે. આ દરમિયાન ડેટા એન્ટ્રી દરમિયાન ઓપરેટર દ્વારા વિદ્યાર્થીનું નામ, અટક, જન્મ તારીખ, બેઠક નંબર વગેરેમાં કોઈ ભૂલ ચૂક થઈ ગઈ હોય આવા કિસ્સામાં શિક્ષણ બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે. આ ભૂલો સુધારવા માટે શિક્ષણ વિભાગ દ્વારા કોઈ પણ જાતની ફી વસૂલવામાં આવશે નહીં. જેના માટે શિક્ષણ વિભાગ દ્વારા જરુરી વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં લઘુત્તમ તાપમાન વધતા રાત્રે ગરમી વધી

### છેલ્લા ત્રણ દિવસમાં મહત્તમ તાપમાનમાં ખૂબ રાહત મળી જ્યારે લઘુત્તમ તાપમાન વધતા રાત્રે ગરમી અનુભવાઈ

ગાંધીનગર, તા. ૫

હીટવેવની અસર છેલ્લા ત્રણ દિવસથી થોડીક ઓછી થઈ છે. જેના કારણે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નજીક પહોંચી ગયુ છે. જો કે લઘુત્તમ તાપમાન ઉંચકાતા રાત્રે ગરમી વધી છે.

ગાંધીનગર શહેરમાં ગયા અઠવાડિયે અનુભવાયેલી હીટવેવની અસર ઓછી થઈ છે. છેલ્લા ત્રણ દિવસના મહત્તમ તાપમાનના આંકડાઓ પર નજર નાંખીએ તો મહત્તમ તાપમાન ઘટતુ રહ્યુ છે. ૧લી મે બાદ મહત્તમ તાપમાનમાં વધઘટ જારી રહી છે. ૩જી મે ના રોજ મહત્તમ તાપમાન ૪૦ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે ૪ મે ના રોજ ૪૧ ડિ.સે. અને આજે મહત્તમ તાપમાન ૪૦.૬ ડિ.સે. રહ્યુ હતુ. મહત્તમ તાપમાન ઘટતા હીટવેવની અસર ઓછી થઈ હતી. જો કે લઘુત્તમ તાપમાનમાં વધારો જોવા મળ્યો હતો. ૩ મે ના રોજ લઘુત્તમ તાપમાન ૨૨.૯ ડિ.સે., ૪ મે ના રોજ ૨૫.૭ ડિ.સે. અને ૫ મે ના રોજ ૨૭.૩ ડિ.સે. પર લઘુત્તમ તાપમાન નોંધાયુ હતુ. લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં રાત્રીના સમયે ગરમી અને બફારો વધ્યો હતો. રાત્રે ગરમી વધતા ઠંડા પીણા, આઈસક્રીમ અને બરફગોળાની લારીઓ પર ભારે ભીડ જોવા મળી હતી.

શહેરમાં રાત્રે ગરમી વધતા શહેરીજનો મોડીરાત સુધી ખુલ્લામાં ફુટપાથ, બગીચામાં બેસી ચર્ચાઓ કરતા કરતાં ઠંડક મેળવે છે. શહેરમાં ખાસ કરીને ચ-૫, સ્વર્ણિમ પાર્ક, ચ-૦ સર્કલ, મહાત્મા મંદિર, સેક્ટર-૧ તળાવ, રીલાયન્સ ચોકડી તથા સરગાસણ ચાર રસ્તે વ્યાપક પ્રમાણમાં હલચલ વર્તાય છે. જ્યારે કેટલાક નબીરાઓ ઉનાળાની મોડીરાત સુધી શહેરમાં આંટાફેરા મારતા હોય છે.

વિદ્યાર્થીઓનું ઉનાળુ વેકેશન પડી ગયુ છે. સાથે જ લગ્નની મોસમ ખીલી ઉઠી છે. ઠેર ઠેર લગ્ન સમારંભો અને સત્કાર સમારંભો યોજાઈ રહ્યા છે. જેના કારણે એસ.ટી. બસોમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. એસ.ટી. બસ સ્ટેન્ડમાં મુસાફરોની ભીડ જોવા મળી રહી છે.

# એટીએસે બાવન ગેરકાયદે હથિયાર સાથે ૨૨ને ઝડપ્યા

ગાંધીનગર, તા.૫

ગુજરાત એટીએસ સૌરાષ્ટ્રમાં ચાલતા ગેરકાયદેસર હથિયારોના વેચાણના રેકેટનો પર્દાફાશ કર્યો છે. ગુજરાત એટીએસએ એક મોટુ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું છે. એટીએસએ રાજ્ય બહારથી ગુજરાતમાં ઠલવાતા હથિયારોના કારોબારનો પર્દાફાશ કર્યો છે. આ સાથે જ ગુજરાત એટીએસએ ૫૨ જેટલાં હથિયારો સાથે ૨૨ આરોપીઓને પણ ઝડપી પાડ્યા છે. પોલીસની પ્રાથમિક

**એટીએસનું ગેરકાયદેસર હથિયારો સામે મોટું ઓપરેશન : રાજ્યની બહારથી હથિયારો લાવ્યા બાદ આ તે સૌરાષ્ટ્રમાં વેચતા, ઝડપાયેલા મોટાભાગના આરોપીઓ સૌરાષ્ટ્રના**

પૂછપરછમાં આરોપીઓએ કબૂલ્યું કે, તેઓ રાજ્યની બહારથી હથિયારો લાવ્યા હતા. જે બાદ આ હથિયારોને સૌરાષ્ટ્રમાં વેચતા હતા. જો કે, ગુજરાત એટીએસએ ઝડપેલા મોટાભાગના આરોપીઓ સૌરાષ્ટ્રના જ હોવાનું સામે આવ્યું છે. હવે, આ રેકેટમાં કોણ કોણ સંડોવાયેલું છે અને આ હથિયારો કયા કયા રાજ્યોમાંથી લાવવામાં આવ્યા એ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ તપાસમાં વધુ શખસોની સંડોવણી સામે આવી શકે છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સંસ્કૃતિ
"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
૨૦૨૨-૨૩નો પ્રારંભ
'સંસ્કૃત' સંસ્થાના ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષ દરમિયાન સભ્ય થયેલા મિત્રોને જણાવવાનું કે તે વર્ષના બે કાર્યક્રમો અમે આપને કોરોનાના રોગચાળાને કારણે આપી શક્યા ન હતા. એ વાત અમે નૈતિક રીતે યાદ રાખી છે અને સને ૨૦૨૨-૨૩ના કાર્યક્રમોનો પ્રારંભ કરીએ છીએ ત્યારે સૌ પ્રથમ ઉક્ત નૈતિક જવાબદારી પૂર્ણ કરીએ છીએ અને આપ સૌની સાથે મિલન-સમારંભ યોજીએ છીએ.
તા. ૭-૫-૨૦૨૨, શનિવાર,
સમય : સાંજે ૭-૦૦ કલાકથી આપના આગમન સુધી.
સ્થળ : સેક્ટર-૨૨નો રંગમંચ, ગાંધીનગર.
આવો, મળીએ અને સાથે ભોજન લઈએ.
'સંસ્કૃત' સંસ્થાના સૌ સભ્યોને જણાવવાનું કે તા. ૭-૫-૨૦૨૨ના કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ આપ સૌને કુરિયર દ્વારા રવાના કરી દેવામાં આવ્યા છે. તા. ૬-૫-૨૦૨૨ ને શુક્રવારના રાતના ૮-૦૦ વાગ્યા સુધી જો આપને કાર્ડ ન મળે તો મોબાઈલ નંબર ૯૮૨૫૮ ૭૯૫૨૯ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.
કાર્યક્રમના નિમંત્રણ કાર્ડની સાથે આગામી વર્ષના સભ્યપદના નિયત ફોર્મ પણ રવાના કરવામાં આવ્યા છે જે ઉક્ત ભોજન અને મિલન-સમારંભ વખતે સાથે લેતા આવવા અનુરોધ છે. 'સંસ્કૃત' સંસ્થા તેની પરંપરા મુજબ આ વર્ષે પણ મનગમતા મનભાવન કાર્યક્રમો આપને પીરસસે તેની ખાત્રી આપવામાં આવે છે.
સૌને પોષાય એવી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂ.૨૦૦૦/- (વાર્ષિક) વ્યક્તિગત રૂ.૧૨૦૦/- (વાર્ષિક)
સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેક્ટર-૨ ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી ક્લ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો) ૮૩૨૦૪ ૧૮૪૫૨
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪ ૩૧૯૦૦
(૮) સેક્ટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેક્ટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦)સેક્ટર-૮ પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫
આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...
મનોજ શુક્લ મહામંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)
(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે સુંદર પ્રતિસાદ અપેક્ષિત છે.
(૨) વર્ષમાં ૬ ઉત્તમ આયોજનો- જેમાં ફિલ્મ સંગીત, લોકસાહિત્ય કે હાસ્ય રસનો કાર્યક્રમ.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com